84 કલાક બાદ શિવ રેસિ.ના લોકોની ઘરવાપસી

મનપાની દેખરેખમાં એપાર્ટમેન્ટના પાર્કિંગ વોલ સહિતનું સમારકામ હાથ ધરવામાં આવશે

એસવીએનઆઈટીના ત્રણ પ્રોફેસર સહિત કુલ 8 નિષ્ણાતની ટીમે રિપોર્ટ આપ્યો છે

સુરતઃ શહેરના ભીમરાડ વિસ્તારમાં આવેલી શિવ રેસિડેન્સીના 192થી વધુ પરિવારો માટે શુક્રવારે સાંજે એસવીએનઆઈટીના સકારાત્મક સ્ટ્રક્ચરલ રિપોર્ટ બાદ જીવમાં જીવ આવ્યો હતો.

એસવીએનઆઈટીના ત્રણ પ્રોફેસર સહિત કુલ 8 નિષ્ણાતની ટીમે ડી-વોલ, જમીનની સ્થિતિ, બિલ્ડિંગના ફાઉન્ડેશન તથા સમગ્ર સ્ટ્રક્ચરલ ભાગોની વિગતવાર તપાસ કરી કોઈ જોખમ ન હોવાનું સ્પષ્ટ કરતાં જ શનિવારે સવારથી રહેવાસીઓએ પોતાના ઘરમાં પરત ફરવાની શરૂઆત કરી હતી.

84 કલાક બાદ પોતાના ઘરમાં પરત ફરેલા અનેક પરિવારોની આંખોમાં ખુશીનાં આંસુ જોવા મળ્યાં હતાં. જો કે, શનિવારે સાંજ સુધીમાં માત્ર અંદાજે 50 ટકા લોકો જ પરત ફર્યા હતા, જ્યારે બાકીના રહેવાસીઓ રવિવારે પરત ફરશે તેવું જાણવા મળ્યું હતું. પાણી પુરવઠો મોડો શરૂ થવો અને સાફસફાઈની મુશ્કેલીને કારણે તમામ પરિવારો એકસાથે પરત ફરી શક્યા નહોતા. જો કે, ઊડીને આંખે વળગે તેવી વાત એ રહી છે કે જે કામ માટે 15 દિવસથી વધુનો સમય જોઈએ તે મનપા કમિશનર અને અન્ય અધિકારીઓની દેખરેખમાં માત્ર બે દિવસમાં પતાવી ફ્લેટ ધારકોની ચિંતા દૂર કરી દીધી છે.

ઓમ નમઃ શિવાય

(તસવીર : હેમંત ડેરે)

વસવાટ માટે ઉતાવળ કરતાં ઘણા અસરગ્રસ્તો પહેલા દિવસે આવ્યા નહીં : લેખિતમાં સલામતી પણ માંગી

એસવીએનઆઇટીના રિપોર્ટ છતાં મનપાના અધિકારીઓ પાસે 'શિવ રેસિડેન્સી' કેટલાં વર્ષ મજબૂત રહેશે તેની લેખિતમાં ગેરંટીનો દુરાગ્રહ રાખ્યો હતો. ઉપરાંત જે લોકો પોતાના ફ્લેટમાં જવા પહેલા દિવસથી જીદ કરી અધિકારીઓના નાકમાં દમ કરી રાખ્યો હતો તે પૈકી અમુક તો સ્ટ્રક્ચર રિપોર્ટ આવી ગયા બાદ શનિવારે રાત સુધી પરત ફર્યા નહોતા અને હોટલમાં જ રહ્યા હતા.

દીકરાને PMOમાં નોકરી અપાવવાની લ્હાયમાં મહિલાએ 26 લાખ ગુમાવ્યા

દિલ્હીમાં બહેનપણીએ ઓળખાણ કરાવી હતી તે ઠગબાજ નીકળ્યો

ભાજપ અને PMOમાં પ્રભાવ હોવાનું કહીને ટુકડે ટુકડે પૈસા પડાવ્યા

નોકરી માટે મહિલાએ દાગીના વેચ્યા પણ નોકરી ન લાગતા પતિએ છૂટાછેડા આપી દીધા

વિનીતાબેન દીકરાની નોકરીની લાલચમાં પૈસા આપતા રહ્યા હતા. પૈસાની સગવડ માટે તેમણે પતિની જાણ બહાર ઘરેણાં પણ વેચી દીધા હતા. પણ નોકરી નહીં મળતા પતિ અને પરિવારમાં ઝઘડા શરૂ થઇ ગયા હતા. આખરે પતિએ વિનીતાબેનને ડિવોર્સ આપી દીધા હતા.

સુરતઃ અલથાણમાં રહેતી મહિલા વર્ષ 2024માં ઉત્તરપ્રદેશ ગઈ ત્યારે મહિલા મિત્ર મારફતે દિલ્હીના ગઠિયા સાથે મુલાકાત થઈ હતી. ગઠિયાએ મહિલાને દિલ્હીમાં રહેતો હોવાથી ભાજપનો સક્રિય છું અને મોટા રાજકારણીઓ સાથે ઓળખ હોવાનું કહી પીએમઓમાં નોકરી અપાવવાની લાલચ આપી હતી. મહિલાને દીકરાને નોકરી લગાવવાની લાલચમાં આવી 26 લાખ ગુમાવવાનો વારો આવતા મામલો અલથાણ પોલીસમાં પહોંચ્યો હતો.

અલથાણ-ભિમરાડ રોડ સ્થિત આકાશ એંક્લેવમાં રહેતા વિનીતા મનોજકુમાર રાય મૂળ ઉત્તરપ્રદેશના વતની છે. વર્ષ 2024માં વિનીતાબેન ઉત્તરપ્રદેશ ગયા ત્યારે તેમની બહેનપણી મારફતે મૂળ કોલકત્તાનો વતની અને હાલ દિલ્હી બુલંદ શહેરમાં રહેતા વિકાસ ત્રિવેદી સાથે મુલાકાત થઇ હતી. વિકાસે પોતે ભાજપનો સક્રિય સભ્ય હોવાનું તથા પોતાના રાજકારણમાં મોટા સંપર્ક હોવાનું કહીને વિનીતાબેનને પ્રભાવિત કરી દીધા હતા. તેમણે વિનીતાબેનના દીકરાને પીઓમઓ (કચેરી) માં નોકરી અપાવવાની લાલચ આપી હતી.

સુરત આવી તેમણે વિકાસનો સંપર્ક કર્યો હતો. ત્યારે વિકાસે ડોક્યુમેન્ટ્સ માંગ્યા હતા અને સાથે હું જણાવું ત્યારે રૂપિયા આપવા પડશે એમ કહ્યું હતું. બાદમાં જાન્યુઆરી 2024થી એપ્રિલ 2024 દરમિયાન વિકાસે ટુકડે ટુકડે વિનીતાબેન પાસેથી રૂ.26,06,183 પડાવી લીધા હતા. જો કે, ત્યારબાદ પણ નોકરી માટેનો કોઇ લેટર નહીં આવતા વિનીતાબેને પુછતા વિકાસ તમે ચિંતા ના કરો, હું તમારા દીકરાને નોકરી અપાવી દઇશ, બધું પ્રોસેસમાં છે, એમ કહીને દિલાસો આપતો રહ્યો હતો. જો કે, બાદમાં વિનીતાબેને તપાસ કરતા વિકાસને દિલ્હી પીએમઓમાં કોઈ ઓળખાતું ન હોવાનું માલમ પડ્યું હતું. વિનીતા રાયે અલથાણ પોલીસનો સંપર્ક કરતા પોલીસે ઠગ વિકાસ વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

દાણચોરીના આરોપીની રીલ ડિલિટ કરવા કોર્ટનો આદેશ

આરોપી આકીબ સમદ શેખની કસ્ટડી દરમિયાન બનેલી રીલ સોશિયલ મીડિયા પર ફરતી કરાઈ હતી, કોર્ટે જામીનઅરજી મંજૂર કરી

સુરત: સોનાની દાણચોરીના કેસમાં આરોપી આકીબ સમદ શેખની જામીનઅરજી મંજૂર કરવાની સાથે કોર્ટે પોલીસ કસ્ટડી દરમિયાન આરોપીની બનાવેલી રીલ બાબતે કડક નોંધ મૂકી સોશિયલ મીડિયા પરથી દૂર કરવાનો પણ આદેશ કર્યો હતો.

સુરત એસઓજી પોલીસે જહાંગીરપુરાના હજીરા સાયણ રોડ શિવમ હોટલ પાસેથી આરોપી આકીબ સમદ શેખની ધરપકડ કરી હતી.

સોનાની દાણચોરીમાં પકડાયેલા આરોપીના મોબાઈલ ફોનમાંથી આરોપી આકીબ સમદ શેખની વોટ્સએપ ચેટના આધારે સંડોવણી બહાર આવતા ધરપકડ કરવામાં આવી હતી. આ કેસમાં આરોપી આકીબ શેખે જામીનઅરજી કરી હતી. આરોપી તરફેના વકીલ ઈલ્યાસ પટેલે આરોપીને કથિત ગુના સાથે જોડતી સામગ્રી મળી આવી નથી, જેથી આરોપીને જામીન મુક્ત કરવા દલીલો કરી હતી. તેમજ આરોપીની પોલીસ કસ્ટડી દરમયાન રીલ બનાવવામાં આવી અને સોશિયલ મીડિયા પર પ્રસારિત કરાઈ હોવાની રજૂઆત કરવામાં આવી હતી.

કોર્ટે આરોપીની જામીનઅરજી મંજૂર કરવાની સાથે આરોપીની રીલ સોશિયલ મીડિયાના તમામ પ્લેટફોર્મ પરથી દૂર કરવા આદેશ કર્યો છે અને આરોપીની છબી-વિડીયો સોશિયલ મીડિયા પર પ્રસાર કરવા પર પ્રતિબંધ લગાડતો હુકમ કર્યો હોવાનું બચાવ પક્ષનાં વકીલ ઈલ્યાસ પટેલે જણાવ્યું હતું.

રૂ.46 લાખની ઠગાઈમાં એસ-બુલ કંપનીનો ફરાર ભાગીદાર ઝડપાયો

પોલીસે બે દિવસના રિમાન્ડ મેળવ્યા

સુરતઃ ૨૦ લોકોને એસ-બુલ કંપનીની લોભામણી સ્કીમના નામે ઠગનાર બે ઠગ ભાગીદારોની ધરપકડ કરી હતી.

ડીંડોલી માતૃભૂમિ સ્કૂલની બાજુમાં મહાદેવ નગર-૪માં કિશોરભાઈ ગુલાબભાઈ ગુરવ પરિવાર સાથે રહે છે. કિશોરભાઈને ઠગ ટોળકીએ સુરત શહેર ખાતે એસ-બુલ કંપનીમાં ૩૪ હજાર ભરી તેની સામે ૧ લાખ રૂપિયા છ મહિને પરત આપવાનું કહી, લોભામણી આ સ્કીમના નામે વિશ્વાસમાં લીધા હતા. ઠગ ટોળકીએ કિશોરભાઈ પાસેથી સ્કીમમાં રોકાણના નામે ટુકડે ટુકડે કરી રૂ.૨૨ લાખ પડાવી લીધા હતા તેમજ કિશોરભાઈ સહિત અન્ય ૨૦ લોકો પાસેથી પણ સ્કીમના નામે રૂપિયા પડાવી લઈ કુલ રૂ.૪૬,૦૬,૦૨૦ની છેતરપિંડી કરી નાસી ગઈ હતી.

આ મામલે કિશોરભાઈએ ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવતા આ ગુનાની વધુ તપાસ ઈકો સેલ કરી હતી. આ ગુનામાં ઈકોસેલ પોલીસે અગાઉ ઠગ આરોપી ઘનશ્યામ કિશન ઠાકુર (રહે. બિહાર) અને બચ્ચેલાલ નનકુ યાદવ (રહે.જોનપુર ઉત્તરપ્રદેશ) ને ઝડપી પાડયા હતા. ત્યારબાદ ઈકોસેલ પોલીસે આ ગુનામાં છેલ્લા ત્રણ વર્ષથી વોન્ટેડ વધુ એક આરોપી રમેશચંદ્ર રામમંગલ ચતુર્વેદી (રહે.ગામ ભીમાપાર થાના તેત્રીબાજાર જી.સિધ્ધાર્થ નગર મંડલ- ગોરખપુર ઉત્તરપ્રદેશ)ને પનવેલ મહારાષ્ટ્રથી ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી રમેશચંદ્રને કોર્ટમાં રજૂ કરી 2 દિવસના પોલીસ કસ્ટડીના રિમાન્ડ મેળવ્યા છે.

MD ડ્રગ્સના આરોપી યામીન પટેલને જામીન મુક્ત કરતી હાઈકોર્ટ

સુરતઃ એમ.ડી. ડ્રગ્સના આરોપી યામીન પટેલની જામીન અરજી હાઈકોર્ટે મંજૂર કરી હોવાનું જાણવા મળ્યું છે. શહેરના લાલગેટ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ૯૯.૫૭૦ ગ્રામ એમ.ડી. ડ્રગ્સના એન.ડી.પી.એસ. એક્ટ હેઠળના ગુન્હાના કામે આરોપી યામીન યુસુફ પટેલની ધરપકડ કરવામાં આવી હતી.પોલીસે રિમાન્ડ મેળવ્યા હતા, ત્યારબાદ આરોપી જ્યુડીશ્યલ કસ્ટડીમાં ધકેલાયો હતો. તપાસ કરનાર અધિકારીએ કોર્ટમા ચાર્જશીટ રજુ કરી દીધી હતી. આરોપી યામીન યુસુફ પટેલે ગુજરાત હાઈકોર્ટમા વકીલ ઝફર બેલાવાલા તથા હાઈકોર્ટના વકીલ અનિક ટીંબાલીયા મારફતે જામીન અરજી કરી હતી. બંને પક્ષની દલીલો બાદ ગુજરાત હાઈકોર્ટના જસ્ટીસએ આરોપીની જામીન અરજી મંજુર કરી હતી.

જેમની પુત્રીને પુત્ર બહેન માનતો હતો તેના પિતા સાથે ઠગાઇ

સરકારી સ્કીમમાં રોકાણ કરો તો બે કરોડ મળશે કહી 28 લાખ ખંખેર્યા

વડાપ્રધાનના પીએ રિટાયર્ડ થશે તો તેમના સ્થાને નોકરી આપવાનું કીધું હતું

પીએમ અને સીએમ સાથે કામ કરતો હોવાના બણગાં માર્યાં હતાં

ભાવનાબેન અને તેમના પતિ જ્યારે પણ અશોક મુલાકાત કરતો ત્યારે બે દિવસમાં દિલ્હી જવાનું કહેતો હતો. બે દિવસ બાદ તે દિલ્હીથી ફોન પણ કરતો હતો. ઘણી વખત તે ગુજરાતના સીએમ સાથે કામ કરવા જઈ રહ્યો હોવાનું કહી ફોટો પણ બતાવતો અને વિશ્વાસમાં લીધા હતા.

સુરતઃ ઉત્રાણ વિસ્તારના ઉમરા ગામના બાલકૃષ્ણ રો હાઉસમાં રહેતાં 45 વર્ષીય ભાવનાબેનના પતિ ચતુરભાઈ લાખાભાઈ નાકરાણી બાંધકામ સાઇટ પર મજૂરી કરે છે. અશોકભાઈ ધીરૂભાઈ દેસાઈ (પટેલ), જે મારુતિધામ સોસાયટીમાં રહે છે. અશોકભાઈની પુત્રી વંશિકા અને ભાવનાબેનનો પુત્ર રાજન- ક્રિપ્ટન સ્કૂલમાં સાથે અભ્યાસ કરતા હતા અને તેઓએ એકબીજાને ભાઈ-બહેન માન્યાં હતાં. આ કારણે બંને પરિવારો વચ્ચે આવન-જાવન અને પારિવારિક સંબંધો હતા.

આશરે બે વર્ષ પહેલાં અશોકભાઈએ તેમને કહ્યું કે, સરકારી યોજનામાં પૈસા ભરો તો દિલ્હીમાં વડાપ્રધાન કાર્યાલયમાંથી 2 કરોડ રૂપિયા મળશે. વધુમાં તેણે જણાવ્યું હતું કે, વડાપ્રધાનના પીએ રિટાયર્ડ થશે અને તેમની જગ્યાએ તેઓને નોકરી મળશે. જેથી તેમણે 28.20 લાખ રૂપિયા આપ્યા હતા.. જે ખંખેરી લઈ ફોન આવશે. પછી તેઓએ ફોન સ્વીચ ઓફ કરી દીધો હતો. જેથી તેમણે ઉત્રાણ પોલીસ સ્ટેશનમાં ફિરયાદ નોંધાવી હતી.

ચેક રિટર્ન કેસમાં નવસારીનાં પિતા-પુત્રને સજા

સુરતઃ નવસારીના નમન કન્સ્ટ્રકશન તથા ખુશી ઈન્ફ્રાના માલિક પિતા-પુત્ર મહેન્દ્ર મણીલાલ શાહ તથા અંકિત મહેન્દ્ર શાહને ચેક રિટર્ન કેસમાં ચાર માસની સજા અને ચેકની બમણી રકમ રૂ.૧૪,૦૦,૦૦૦ ચુકવવાનો હુકમ કોર્ટે કર્યો હતો. નવજીવન મોટર્સના ભાગીદાર હિતેશ ગજ્જર મહેન્દ્ર એન્ડ મહેન્દ્ર કંપનીની કોમર્શીયલ વાહનની ડિલરશીપ ધરાવે છે આરોપીઓએ કોમર્શીયલ વાહનો ખરીદી રિપેરીંગ ફરિયાદીની કંપની પાસે કરાવ્યું હતું.ફરિયાદીને આરોપીઓ પાસે પોતાના કાયદેસરના લેણાંનાં રૂપિયા ૨૦,૮૩,૬૬૫ લેવાના હતા. જે પેટે આરોપીઓએ બે ચેક ૭,૦૦,૦૦૦ના આપ્યા હતા. જે ચેક રિટર્ન થયાં હતા. ફરિયાદીએ વકીલ કમલેશ એન રાવલ તથા દિવ્યા બી.ચૌધરી મારફતે સુરત કોર્ટમાં ફરિયાદ કરી હતી. સદર કેસ સુરત કોર્ટમાં ચાલી જતાં ફરિયાદીના વકીલ કમલેશ એન રાવલ તથા દિવ્યા બી.ચૌધરીની દલીલો ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપીઓને ચેકોની રકમ રૂ. ૭,૦૦,૦૦૦થી બમણી રકમ રૂ. ૧૪,૦૦,૦૦ ચુકવવા સાથે ચાર માસની સજા કરવાનો હુકમ કર્યો હતો. સજાની સુનાવણી વખતે આરોપીઓ હાજર નહીં રહેતા આરોપીઓ વિરુધ્ધ કોર્ટે પકડ વોરંટ જારી કરવાનો પણ હુકમ કર્યો હતો.

અઠવા-સેન્ટ્રલ ઝોનના પાંચ તબીબની અચાનક બદલી

સુરતઃ સુરત મહાપાલિકાના અઠવા ઝોનમાં નાયબ આરોગ્ય અધિકારી ડો.અજીત ભટ્ટની અચાનક જ બદલી કરી તેમને સેન્ટ્રલ ઝોનમાં મૂકી દેવામાં આવ્યાં છે. તેમના સ્થાને સેન્ટ્રલ ઝોનના ડે. મેડિકલ ઓફિસર ડો.ગરાસિયાને મુકી દેવાતાં આ ઓર્ડરથી આશ્ચર્ય સર્જાયું છે. અઠવા ઝોનના સિનિયર નાયબ આરોગ્ય અધિકારી ડો.અજીત ભટ્ટને અને સેન્ટ્રલ ઝોનના નાયબ આરોગ્ય અધિકારી ડો.કેતન ગરાસિયાની પરસ્પર બદલી કરવામાં આવી છે. અઠવા ઝોનના જુનિ. મેડિકલ ઓફિસર ડો.મનન જે.પટેલ અને લિંબાયત ઝોનના જુનિ.મેડિકલ ઓફિસર ડો.સમર્થ સિહોરાની પણ પરસ્પર બદલી કરાઈ છે. આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતાં જુનિ.મેડિકલ ઓફિસર ડો.રવિ જરીવાલાને પ્રમોટ કરી રાંદેર ઝોનના આસિ.મેડિકલ ઓફિસર તરીકે મુકાયા છે.

GJEPCની બોત્સવાનાના મંત્રી સમક્ષ સીધી રફ સપ્લાયની માંગ

બોત્સવાનાનાં ખનીજ મંત્રી બોકોલો જોય સાથે GJEPCની રજૂઆત બેઠક

સુરતઃ બોત્સવાનાનાં ખનિજ અને ઊર્જા મંત્રી બોકોલો જોય એ સુરતમાં GJEPC સાથે બેઠક યોજી હતી.આજે, બોત્સ્વાના ખનિજ અને ઉર્જા મંત્રીએ GJEPC સુરત કાર્યાલયની મુલાકાત લીધી અને સુરત હીરા ઉદ્યોગ સાથે ફળદાયી બેઠક યોજી હતી.

GJEPC ના પ્રદેશ અધ્યક્ષ જયંતિ સાવલિયા દ્વારા પ્રતિનિધિમંડળનું સ્વાગત કરવામાં આવ્યું, ત્યારબાદ બોત્સ્વાનાથી ભારતીય MSMEs સુધી, ખાસ કરીને SNZ-SIDC, સુરત દ્વારા સીધા રફ ડાયમંડ એક્સેસને મજબૂત બનાવવા અંગે ચર્ચા કરવામાં આવી.

GJEPC ના નાયબ નિયામક રજત વાની દ્વારા GJEPC ની પહેલો અને સુરતના ડાયમંડ ઈકોસિસ્ટમ પર વિગતવાર રજૂઆત કરવામાં આવી.

SNZ, SIDC ના નિયામક હિતેશ શાહે સ્પેશિયલ નોટિફાઇડ ઝોનની ભૂમિકા સમજાવી અને સુરતમાં પહેલાથી જ યોજાયેલા 25+ સફળ રફ બ્યુઇંગ ઈવેન્ટ્સ પર પ્રકાશ પાડ્યો હતો.

બોત્સ્વાનાના ખનિજ અને ઉર્જા મંત્રી, બોગોલો જોય કેનેવેન્ડોએ, GJEPC સુરત કાર્યાલયની મુલાકાત લીધી અને સુરત હીરા ઉદ્યોગના પ્રતિનિધિઓ સાથે વધુ ગાઢ સહયોગ શોધવા માટે ચર્ચા કરી. ગુજરાતના પ્રાદેશિક અધ્યક્ષ જયંતિ સાવલિયા દ્વારા પ્રતિનિધિમંડળનું સ્વાગત કરવામાં આવ્યું, ત્યારબાદ ભારતીય MSME માટે, ખાસ કરીને SNZ-SIDC, સુરત દ્વારા, બોત્સ્વાનાથી કાચા હીરાની સીધી પહોંચને મજબૂત બનાવવા પર ચર્ચા કરવામાં આવી હતી. SIDCના SNZ ડિરેક્ટર હિતેશ શાહે સ્પેશિયલ નોટિફાઇડ ઝોનની ભૂમિકા સમજાવી અને સુરતમાં યોજાયેલી 25 થી વધુ સફળ રફ બ્યુઇંગ ઈવેન્ટ્સની વિગતો રજૂ કરી હતી.

GJEPCના ગુજરાતના પ્રાદેશિક નિયામક રજત વાનીએ કાઉન્સિલની પહેલો અને સુરતના ડાયમંડ ઈકોસિસ્ટમ પર વિગતવાર પ્રેઝન્ટેશન આપ્યું. મંત્રી કેનેવેન્ડોએ સુરત ડાયમંડ બોર્સના માળખાગત સુવિધાઓની પ્રશંસા કરી અને પ્રવર્તમાન બજાર પરિસ્થિતિઓને અનુરૂપ વ્યૂહાત્મક અને માપાંકિત અભિગમ પર ભાર મૂક્યો હતો.

નાનપુરામાં લાગેલી આગમાં બે લાખની રોકડ ખાખ

ઉપરના માળે રહેતા બે રહીશોનું રેસ્ક્યુ કરાયું: ગ્રાફિક્સનો સામાન અને મશીનરી પણ ખાખ થઈ ગઈ

સુરતઃ શહેરના નાનપુરા વિસ્તારમાં આવેલી જમરૂખ ગલીમાં શનિવારે વહેલી સવારે ગ્રાઉન્ડ સહિત ત્રણ માળના મકાનમાં અચાનક આગ લાગતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. મકાનના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી ગ્રાફિક્સની દુકાનમાં આગ ફાટી નીકળતાં જોતજોતામાં આગ ભીષણ બની ગઈ હતી. ફાયર વિભાગનાં સૂત્રોના જણાવ્યા મુજબ નાનપુરા જમરૂખ ગલીમાં આવેલા આ મકાનના ગ્રાઉન્ડ ફ્લોર પર 'સાઈ ઓટો' નામની ગ્રાફિક્સની દુકાન કાર્યરત છે, જ્યાં વાહનો પર રેડિયમ સ્ટિકર અને નંબર પ્લેટ લગાડવાનું કામ કરવામાં આવે છે. જ્યારે મકાનના પ્રથમ અને દ્વિતીય માળે રહીશો વસવાટ કરે છે. શનિવારે સવારે આશરે 7 વાગ્યાના સમયે દુકાનમાં અચાનક આગ લાગી હતી, જે ઝડપથી ફેલાઈ ભીષણ સ્વરૂપ ધારણ કરી ગઈ હતી. આગની જ્વાળાઓ દૂર દૂર સુધી દેખાઈ રહી હતી અને ધુમાડો સમગ્ર વિસ્તારને ઘેરી વળ્યો હતો. ઘટનાની જાણ થતાં માન દરવાજા, ઘાંચી શેરી, નવસારી બજાર સહિત પાંચ અલગ અલગ ફાયર સ્ટેશનથી ફાયર બ્રિગેડની ગાડીઓ ઘટના સ્થળે પહોંચી હતી.

ભારે ધુમાડાના કારણે ફાયર જવાનોએ બીએસેટ પહેરીને આગ પર કાબૂ મેળવવાની કાર્યવાહી હાથ ધરી હતી. દોઢથી બે કલાકની મહેનત બાદ આખરે આગ પર કાબૂ મેળવી લેવાયો હતો. સબ ફાયર ઓફિસર દેશમુખે જણાવ્યું હતું કે, આગ લાગતી વેળાએ પ્રથમ અને દ્વિતીય માળે રહેતા રહીશો સમયસર બહાર નીકળી ગયા હોવાથી કોઈ જાનહાનિ થઈ નથી. જો કે, આગના કારણે ગ્રાફિક્સની દુકાનમાં આવેલાં ત્રણ કોમ્પ્યુટર, લેઝર મશીન સહિત અન્ય સામગ્રી તેમજ અંદાજે બે લાખ રૂપિયાની રોકડ બળી ગઈ હતી.

શિક્ષકને અપમાનિત કરનાર અમરેલીના પોલીસની ધરપકડ

ફેસબૂક મારફતે તુંકારા સાથે અશ્લીલ લખાણો કર્યા હતાં

સુરતઃ પુણા પાટીયા સત્યમ બિલ્ડિંગમાં રહેતા 35 વર્ષીય બાબુભાઈ ઉર્ફે રાજુભાઈ લક્ષ્મણભાઈ ધણગણ કામરેજની એક ખાનગી શાળામાં શિક્ષક છે. તેઓ છેલ્લા દસેક વર્ષથી "રાજુભાઈ ધણગણ" નામે ફેસબુક એકાઉન્ટ ચલાવે છે. બાબુભાઈ રાત્રે ઘરે હાજર હતા ત્યારે તેમની ફેસબુક આઈડી પર 'સંજય આહીર' નામના એકાઉન્ટમાંથી "Hey, ક્યાંનો છે?" મેસેજ આવ્યો હતો. બાબુભાઈએ કોઈ જવાબ નહીં આપતા સામે પક્ષે વારંવાર વિડિયો અને ઓડિયો કોલ કર્યા પરંતુ તેમણે કોલ સ્વીકાર્યાં ન હતા.

બાબુભાઈએ મેસેજ કરી "તુંકારથી ન બોલવા જણાવ્યું હતું. આ વાતથી સંજય આહીર નામના યુઝરે અકળાઈને અશ્લીલ લખાણ લખી ગાળાગાળી શરૂ કરી હતી. તેમણે પોતાના સમાજના લોકો પાસે માહિતી મેળવતા માલુમ પડ્યું કે આ ફેસબુક એકાઉન્ટ સંજય કલસરીયા (આહીર)નું છે, જે અમરેલી જિલ્લામાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. જેથી શિક્ષક બાબુભાઈએ ગોડાદરા પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે સંજય કલસરીયા વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. પોલીસે ગત 19મીના રોજ હેડ કોન્સ્ટેબલ સંજય બાધાભાઈ કલસરિયા (રહે. ગામ, બાબરીયા ધાર,જી. અમરેલી)ની ધરપકડ કરી છે. સંજય હાલ અમરેલીના વડિયા પોલીસમાં ફરજ બજાવે છે.

એકસાથે ૫૫ દીકરીનું કન્યાદાન

સેવાભાવી પરિવાર પી.પી. સવાણીના આંગણે ફરી એકવાર માનવતા મહેંકાવી

સુરતઃ સુરતના સેવાભાવી પરિવાર પી.પી.સવાણીના આંગણે ફરી એકવાર માનવતા, સંવેદના અને સંબંધોની સુગંધ સાથે કોયલડી નામથી સમૂહલગ્નનું આયોજન કરાયું હતું. આજે ૫૫ દીકરીઓને મહાનુભાવોએ કન્યાદાન કરીને વિદાય આપી હતી. આજના કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ દીકરીઓને આશીર્વચન આપી પી.પી.સવાણી પરિવારના આ ઉદાત કાર્યની મુક્તકંઠે પ્રશંશા કરી હતી. એમણે સવાણી પરિવારની સતત સાતત્યપૂર્ણ સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી હતી. ૫૦૦૦થી વધુ દીકરીના પાલક પિતા મહેશભાઈ સવાણીએ આ પ્રસંગે કહ્યું કે, "દીકરીને સૌથી મોટી બીક સાસુની હોય છે, પરંતુ જે સાસુ દીકરીને દીકરી માની પ્રેમ કરે, એ સમાજ માટે પ્રેરણારૂપ છે. દીકરીના માથે હાથ મૂકવો એ ચાર ધામની યાત્રા જેટલું પુણ્ય છે. દીકરી અને પરિવાર વચ્ચેનો આ પવિત્ર સંબંધ માત્ર રિવાજ નથી, પરંતુ જવાબદારી છે. પી.પી.સવાણી ચૈતન્ય વિદ્યાસંકુલ, અબ્રામા ખાતે આયોજિત લગ્નોત્સવમાં નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ પિતાવિહોણી દીકરીઓને આશીર્વાદ આપતાં કહ્યું હતું કે, સવાણી પરિવાર દ્વારા દર વર્ષે યોજાતા આ સમૂહલગ્ન એ માત્ર સામાજિક પ્રસંગ નથી, પરંતુ સંવેદના અને માનવતાનું સર્વોત્તમ ઉદાહરણ છે. ભગવાને પિતા તરીકે મહેશભાઈ સવાણીને મોકલીને આ દીકરીઓના ચહેરા પર ખુશી અને જીવનમાં નવો વિશ્વાસ લાવવાનું ભગીરથ કાર્ય કર્યું છે. વધુમાં હર્ષભાઈ સંઘવીએ સવાણી પરિવારના સામાજિક કાર્યને બિરદાવતાં જણાવ્યું હતું કે, માતા-પિતા વિહોણી દીકરીઓને પરિવારની હૂંફ આપી તેમના લગ્ન અને લગ્ન બાદ પણ સામાજિક જવાબદારી નિભાવવાનું કાર્ય સમૂહલગ્નથી પણ અનેકગણું મહાન છે. 'સેવા સંગઠન'ની મોબાઈલ એપનું લોન્ચિંગ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે થયું હતું.

વેડ દરવાજા જીલાની બ્રિજ પાસે ભંગારના ગોડાઉનમાં ભીષણ આગ

સુરતઃ શનિવારે રાત્રે ૯.૪૫ કલાકે વેડ દરવાજા જીલાની બ્રિજ પાસે એક ભંગારના ગોડાઉનમાં ભીષણ આગ લાગતાં ફાયર બ્રિગેડની દસ ગાડીઓ ઘટના સ્થળે ધસી ગઈ હતી અને તુરંત જ પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં કરવામાં આવી હતી. સદનસીબે આ આગ અન્ય એક ગોડાઉનમાં પ્રસરી ન હતી. આગ વધુ વિકરાળ સ્વરૂપ ધારણ કરે એ પહેલા જ ફાયર બ્રિગેડના લાશ્કરોએ આગને કાબૂમાં કરી લીધી હતી. આ ઘટનાનો કોલ મળતાં મુગલીસરા, કતારગામ, ડભોલી, જહાંગીરપુરા, ઘાંચી શેરી અને અશ્વિનીકુમાર ફાયર સ્ટેશનની ગાડીઓ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. મળતી વિગત મુજબ ભંગારના ગોડાઉનમાં આગ લાગી ત્યારે તેની જ્વાળા ખૂબ જ ઊંચે સુધી ઊડી હતી. આ ઘટનાને પગલે આજુબાજુના વિસ્તારમાં ગભરાટ વ્યાપી ગયો હતો. હાલ બે ગાડીઓ કુલિંગના કામમાં લાગેલી છે, જ્યારે બાકીની ફાયર બ્રિગેડની ગાડીઓ પરત ફરી હતી.